**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૧ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૬૭ ટકા

# પર્વોની મોસમમાં ભીક્ષુકોની સંખ્યામાં ઉછાળો

## શહેરના મંદિરોમાં ભીક્ષુકો નાગરિકો પાસેથી પૈસા માંગતા જોવા મળી રહયા છે : મંદિરો પાસેથી ભીક્ષુકોને દૂર કરવાની લોકમાંગણી

ગાંધીનગર, તા.૩૦

શહેરમાં શ્રાવણના તહેવારોની મોસમ ખીલી ઉઠી છે. શહેરીજનોનો મંદિરોમાં ધસારો જોવા મળી રહયો છે. જેમાં સાથેસાથે ભીખ માંગવાવાળા લોકો પણ વધી ગયા છે. મંદિરોમાં શહેરીજનો ભક્તિભાવ અર્થે પૂજા કરવા માટે જતાં હોય છે જ્યાં તેમને ભીક્ષુકો દ્વારા પૈસાની માંગણીઓ કરવામાં આવે છે. તહેવારો આવતાની સાથે જ એકાએક ભીક્ષુકોનો વ્યાપ વધી ગયો છે. જેથી મંદિરોમાં જતાં શ્રધ્ધાળુઓ પણ વિચારમાં પડ્યા છે અને તેમને ન છૂટકે બે-પાંચ રૂપિયા આપવા મજબુર કરવામાં આવી રહયા છે. ગાંધીનગરમાં સિગ્નલો પાસે ભીક્ષુકોનો અડીંગો તો રહેતો જ હોય છે જેની ફરીયાદો પણ ઘણી બધી કરવામાં આવે છે. લોકોને ભીખારીઓને પૈસા ન આપવાની તાકીદ કરવામાં આવી છે. સોશ્યલ મીડીયાના માધ્યમોમાં આ બાબતે જાગૃતિ પણ ફેલાવવામાં આવે છે તેમ છતાં હાલમાં ભિક્ષુકો ધાર્મિક સ્થળો પર અડીંગો કરીને બેઠેલા જોવા મળી રહયા છે. નાના બાળકો સ્કુલ જવાની જગ્યાએ ભીક્ષા માંગતા જોવા મળી રહયા છે.



ગરીબ પરિવારો નાના બાળકોને ભીક્ષાની પ્રવૃતિમાં ધકેલી રહયા છે. ભીક્ષુકોના બાળકો શીક્ષણ મેળવી શકે તે માટે સરકારે વ્યવસ્થા કરી છે તેમ છતાં કોઈ બદલાવ આવી રહયો નથી.

મંદિરોમાં હાલમાં ભક્તોની ભીડ થઈ રહી છે તેવામાં ઘણા પરિવારો પોતાના બાળકોને પણ સાથે લઈને મંદિરે દર્શન માટે જતાં જોવા મળે છે. જેમાં અનૈતિક બનાવ કે બાળકો ગુમ થઈ જવાની ઘટનાઓ બનવાની ભીંતી જોવાઈ રહી છે. જવાબદાર તંત્ર દ્વારા મંદિરોની આસપાસ જોવા મળતા ભિક્ષુકોને દુર કરાવવા જોઈએ અને નાગરિકોએ પણ ભીક્ષુકોને પૈસા આપવાની ટેવ બંધ કરવી જોઈએ જે હીતાવહ ગણાશે.

શ્રાવણ માસમાં અચાનક ભીક્ષુકોની સંખ્યા વધવાથી શહેરમાં જાગૃત નાગરિકોમાં શંકાઓ પ્રવર્તી રહી છે. ભીક્ષુક પ્રવૃતિ કરતા માણસોથી ચેતવું જોઈએ. નાના બાળકોને ધાર્મિક સ્થળો પર સાચવીને રાખવા જોઈએ તથા શહેરીજનોએ ભીક્ષુકોને પૈસા આપવાનું ટાળવું જોઈએ.

# ન્યૂ ગાંધીનગરના ભૂદેવો માટે યજ્ઞોપવિત કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૩૦

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ન્યૂ ગાંધીનગરના નેજા હેઠળના વિસ્તારો માટેના ભૂદેવોની નૂતન જનોઈ બદલવાનો ભવ્ય ધાર્મિક કાર્યક્રમ યોજાયો હતો જેમાં ઉવારસદના પ્રમુખ વિક્રમભાઈ ભટ્ટ, સરગાસણના પ્રમુખ વિજયભાઈ રાવલ, કુડાસણના પ્રમુખ અમિતભાઈ જોષી, વાવોલ બ્રહ્મસમાજના ઉપપ્રમુખ મનીષભાઈ રીછારિયા, શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ન્યૂ ગાંધીનગરના પ્રમુખ વિપુલભાઈ ઠાકર તેમજ ન્યૂ ગાંધીનગર વિસ્તારમાંથી ઘણી મોટી સંખ્યામાં ભૂદેવો દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો જેમાં મોટા હર્ષ અને ઉલ્લાસભેર ધાર્મિક અવસર ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાસ્ત્રી પુષ્પકભાઈ શુકલ દ્વારા સીતારામ મઢી, અડાલજની વાવ ખાતે પવિત્ર પીપળાના ઘટાદાર વૃક્ષ નીચે પૂજન કરાવવામાં આવ્યું હતું. આ સાથે જનોઈ બદલનાર વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ચોપડાનું વિતરણ રક્ષાબંધન પર્વે અને સમૂહ યજ્ઞોપવિત પ્રસંગે કરવામાં આવ્યું હતું.

# મેઘાણીજીની જન્મજયંતિની શેઠ સી.એમ.હાઈસ્કૂલમાં ઉજવણી





ગાંધીનગર, તા.૩૦

ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતિ હોવાથી વિદ્યાર્થીઓમાં સંસ્કારોનું સિંચન થાય અને મૂલ્યનિષ્ઠ શિક્ષણ પ્રાપ્ત થાય તેવા હેતુથી ગુજરાતનું ઝવેરાત- ઝવેરચંદ મેઘાણી નાટક અને રક્ષાબંધનનો તહેવાર નિમિત્તે રક્ષાબંધન નામનું નાટક, આમ, સામાજિક રાહ ચીંધતાં બે સુંદર મજાનાં નાટકો અને શૌર્ય ગીતોની પ્રસ્તુતિ એમ.પી .આર્ટ લવર્સ, ગાંધીનગર દ્વારા સહાય ફાઉન્ડેશનના સહયોગથી તદ્દન નિઃશુલ્ક શેઠ સી.એમ. શાળાના વિદ્યાર્થીઓ માટે ખીમજી વિશ્રામ હૉલ, કડી કેમ્પસ ખાતે કરવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ અને મેયર હિતેશભાઈ મકવાણાએ શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ 'ગાંધીનગર સમાચાર'ના તંત્રી તેમજ 'સહાય ફાઉન્ડેશન'ના મેનેજિંગ ટ્રસ્ટી અને ભાજપના અગ્રણી કેતનભાઈ પટેલ તથા ગાંધીનગર મહાનગરપાલિકાના કાઉન્સીલર પદમસિંહ ચૌહાણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તે ઉપરાંત, શેઠ સી.એમ. શાળાના આચાર્ય અને જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ ડો. ચેતના બુચની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. ઉચ્ચ માધ્યમિક વિભાગના સુપરવાઈઝર મૂકેશભાઈ એમ. પટેલ અને વિભાગના સુપરવાઈઝર શ્રી એચ.એમ.અસારીનું માર્ગદર્શન પણ સુંદર રહ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સુચારુ રૂપથી સંચાલન ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગમાં આસી. એંજિનિયર તરીકે તરીકે કાર્યરત જતીનભાઈ મર્ચન્ટે કર્યું હતું. આશરે ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમ મન ભરીને માણ્યો હતો તથા એમ. પી. આર્ટ લવર્સ, ગાંધીનગરના ડાયરેક્ટર ડો. મમતા બુચ અને તેમની ટીમના કલાકારોએ પ્રેક્ષકોની ખુબ દાદ મેળવી હતી.

# નિફ્ટ ખાતે 'કનવર્ઝન્સ પહેલ' અંતર્ગત વ્યાવસાયિક બેઠકોની પ્રથમ શ્રેણી યોજાઈ



ગાંધીનગર, તા.૩૦

ટેક્સટાઈલ અને વાણિજ્ય તેમજ ઉદ્યોગ મંત્રાલય હેઠળની પાંચ પ્રતિષ્ઠિત સંસ્થાઓને એક કરવા, ઉદ્યોગ-શૈક્ષણિક ઈન્ટરફેસને પ્રોત્સાહન આપવા અને વૈશ્વિક વ્યાવસાયિક નેટવર્કનું નિર્માણ કરવાના ઉદ્દેશ સાથે શરૂ કરવામાં આવેલો એક અનન્ય સહયોગી પ્રયાસ તા.૨૬ ઓગસ્ટના રોજ એક કાર્યક્રમ સાથે સંપન્ન થયો હતો. વર્ષ ૨૦૨૨માં શરૂ કરવામાં આવેલી આ પહેલમાં, નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈનના ગાંધીનગર ખાતે આવેલા પરિસંકુલમાં વ્યાવસાયિક બેઠકોની તેની પ્રથમ શ્રેણીને પ્રદર્શિત કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો હેતુ મંત્રી દ્વારા સંકલ્પ કરવામાં આવી તે મુજબ કન્વર્જન્સ (એક કેન્દ્રિતા)ની દૂરંદેશીનો પ્રસાર કરવાનો હતો, જેમાં ભાગ લેનારી પાંચ સંસ્થાઓના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને એક એવું મજબુત પ્લેટફોર્મ પૂરું પાડવાનો હતો કે જ્યાં વૈશ્વિક પ્રોફેશનલોનું નેટવર્ક બનાવવાની સંભાવનાનું આહ્વાન અને અન્વેષણ કરી શકાય. ગાંધીનગર નિફ્ટના ઉત્સાહી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ તેમાં નોંધપાત્ર પ્રમાણમાં હાજરી આપી હતી.

# પેથાપુરના વિષ્ણુસિંહ ચાવડાને માનદ્ ડૉક્ટરેટની પદવી એનાયત થઈ

ગાંધીનગર, તા. ૩૦

છેલ્લા સાત-આઠ વર્ષથી ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના સ્થાપત્યો, ઐતિહાસીક સ્થળો વિશે સંશોધન કરી અને તે અંગેની માહિતી સમાજ સુધી પહોંચાડતા પેથાપુરના નિષ્ઠાવાન સંશોધક વિષ્ણુસિંહ ચાવડાને તેમના ભગીરથ કાર્યને ધ્યાનમાં રાખીને એસ.એન. ફાઉન્ડેશન એન્ડ ઈન્ડિયા તથા સહારા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઓનરેબલ ડૉક્ટર (માનદ્ ડૉક્ટરેટની પદવી)ની પદવી




આપવામાં આવી છે. તેમજ તે સાથે ભારત ભૂષણ નવરત્ન એવોર્ડ-૨૦૨૩ પણ એનાયત કરવામાં આવ્યો છે.







ભાઈના હાથે રાખડી બાંધવા હરખઘેલી બનેલી બહેન રાખડી સાથે કંકુ-ચોખા અને ભાઈનું મ્હોં મીઠું કરાવવા મિઠાઈ જરૂર લઈને જાય છે. રક્ષાબંધનના દિવસે આ કારણે શહેરમાં આવેલી વિવિધની મિઠાઈની દુકાનો પર ભારે ઘરાકી જોવા મળી હતી.

# શેઠ સી. એમ. હાઈસ્કૂલના નવનિયુક્ત આચાર્યનું સ્વાગત

ગાંધીનગર, તા. ૩૦

સરકાર દ્વારા ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્યોની ભરતી માટે લેવાયેલી એચએમએટીની પરીક્ષા ઉચ્ચ મેરીટ સાથે પાસ કરીને ગાંધીનગરની સેક્ટર-૨૩ ખાતેની શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલમાં ડો. એમ. બી. ત્રાજીયાની આચાર્ય તરીકે વરણી કરવામાં આવી છે. તેમના નવનિયુક્તિ પ્રસંગે શાળા પરિવાર અને વિદ્યાર્થીઓ દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નવનિયુક્ત આચાર્યએ "સંસ્કાર, શાંતિ અને સંપના સિદ્ધાંત પર કાર્ય કરીને શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલને ઉન્નતિના વધુ ઉંચા શિખરો તરફ દોરી જશે"






પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે જેમાં વિવિધ પર્વો-ઉત્સવોની જાણે લંગાર લાગે છે. શ્રાવણ માસની પૂનમે બળેવ અને નારિયેળી પૂર્ણિમાના પાવન અવસરે શહેરના સે. ૨૨માં નગરદેવતા સમા પંચદેવ મંદિરે શ્રધ્ધાળુઓ દર્શન માટે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.



રક્ષાબંધન એટલે ભાઈની સુરક્ષા માટે બહેન દ્વારા બાંધવામાં આવેલું રક્ષા કવચ. આ પવિત્ર પર્વની ઉજવણી કરવા સેક્ટર-૧૬માં મહિલા પોલીસ સ્ટેશને પહોંચેલા સ્થાનિક કોર્પોરેટરના કાંડે મહિલા પોલીસ કર્મચારીએ રાખડી બાંધી હતી.

## જન્મદિને વધામણી



દક્ષરાજસિંહ અંબુસિંહ ગોલ



અદિશ્રી અર્પિત જોશી



નમ્રતા સી શુક્લ



સ્મિતા રાજેશકુમાર દુલેરા



નરસિંહ પરમાર

## આજે શિવ મહિમ્ન પાઠ

શ્રાવણ માસ નિમિત્તે પિયુષભાઈ ત્રિવેદી, વિરાટનગર, પ્લોટ નં. ૬, સે.૨૩ના નિવાસ સ્થાને શિવ મહિમ્ન પાઠનું આયોજન કરાયું છે. જેનો ભાવિક ભક્તોને લાભ લેવા જણાવાયું છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.પ્રસાદ ક્રિષ્ના જગદીશભાઈ ઉ.વ.૭૧, બોરીજ
- સ્વ.વાઘેલા જગુજી વરવાજી ઉ.વ.૭૭, લેકાવાડા
- સ્વ.ગોહીલ અજીતસિંહ ધનાજી ઉ.વ.૮૧, મગોડી

સમાચાર પસંદગી માટે પીઆરબી એક્ટ હેઠળ જવાબદાર વ્યવસ્થાપક
મયુર જી.પટેલ
ફોન નં. : 23222571,
મો.નં.98797 97884
ઈમેઈલ : Gandhinagarsamachar@gmail.com

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારનો મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

**વધુ વૃક્ષો વાવો હરિયાળી બચાવો..**